કુદરતી આપત્તિઓ (Natural Calamities) માં કોવિડ-૧૯ કોરોના વાયરસનો SDRF ના ધોરણોમાં સમાવેશ કરવા બાબત

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
ઠરાવ ક્રમાંક : સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.૩
સચિવાલય ગાંધીનગર
તા. ૩૦/૦૩/૨૦૨૦

**વંચાણે લીધા:-**

(૧) મહેસૂલ વિભાગના સરખા ક્રમાંક નો તા.૨૭/૦૪/૨૦૧૫ નો ઠરાવ
(૨) મહેસૂલ વિભાગના સરખા ક્રમાંક નો તા.૧૫/૦૨/૨૦૧૬ નો ઠરાવ
(૩) ભારત સરકારના ગૃહ વિભાગનો નં.૩૩-૪/૨૦૨૦/NDM-I નો તા.૧૪/૦૩/૨૦૨૦ નો પત્ર
(૪) ભારત સરકારના ગૃહ વિભાગનો નં.૩૩-૪/૨૦૨૦/NDM-I નો તા.૨૮/૦૩/૨૦૨૦ નો પત્ર

**ઠરાવ:-**

ઉક્ત વંચાણે લીધેલા ક્રમ-૧ ના ઠરાવથી કુદરતી આપત્તિના કારણે થતા નુકશાન માટે નાણાકીય સહાય ચૂકવવા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે. જ્યારે ક્રમ-૨ ના ઠરાવથી "ક્રમોસમી વરસાદ અને આકાશી વીજળી" નો સમાવેશ કુદરતી આપત્તિમાં થયેલ છે. ભારત સરકાર તેના ક્રમ-૩ ના પત્રથી કોવિડ-૧૯ ના ઉપદ્રવને ધ્યાને લઈને ક્વોરોન્ટાઈન અને સેમ્પલ કલેક્શન અને સ્ક્રીનીંગ તથા ઈક્વીપમેન્ટ અને લેબોરેટરી માટે SDRF માંથી ખર્ચ કરી શકાશે તેમ જણાવેલ છે. ક્રમ-૪ ના પત્રથી ભારત સરકારે ઘરવિહોણા લોકો, જેમાં સ્થળાંતરિત મજૂરો, લોકડાઉનના કારણે ફસાયેલા અને રાહત કેમ્પમાં શરણાર્થીઓને ખાવાનું તથા અન્ય સુવિધા પુરી પાડવા માટેનો ખર્ચ SDRF માંથી કરવા સંબંધે સુચના આપેલ છે.

ઉક્ત સુચનાને ધ્યાને લઈને રાજ્ય સરકારે વિભાગના ત.૨૭/૦૪/૨૦૧૫ ના ઠરાવમાં કોવિડ-૧૯ અન્વયે એનેક્ષ્ચરને સમાવવા તથા અત્રેના ઠરાવના ફકરા-૩ માં દૈનિક રોકડ સહાય (કેશડોલ્સ) માં નીચે મુજબની જોગવાઈ ઉમેરવાનું સરકારશ્રીએ પુખ્ત વિચારણા કરીને ઠરાવવાનું નક્કી કરેલ છે.

ઘર વિહોણા લોકો, જેમાં સ્થળાંતરિત થયેલ મજૂરો, લોકડાઉનના કારણે ફસાયેલા અને રાહત કેમ્પોમાં શરણ લીધેલ હોય તેઓને ખાવાનું તથા અન્ય સુવિધાઓ પૂરી પાડવાનું નક્કી કરેલ છે. ક્રમ-૧ ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ નાણા વિભાગની સરખા ક્રમાંકની તા.૩૦/૦૩/૨૦૨૦ની મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બી.કે.ખત્રી)
ઉપ સચિવ
મહેસૂલ વિભાગ

પ્રતિ,

(૧) નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
(૨) માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૪) તમામ મંત્રીશ્રીઓ તથા રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના રહસ્ય સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

(૫) માન. વિરોધ પક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર

(૬) મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૭) અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૮) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૯) અધિક મુખ્ય સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૦) રાહત કમિશ્નરશ્રી અને સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૧) તમામ કલેકટરશ્રીઓ

(૧૨) સચિવાલયના તમામ વિભાગો, સચિવાલય, ગાંધીનગર.

(૧૩) નાણા સલાહકારશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૧૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.

(૧૫) સર્વે શાખાઓ, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૬) સિસ્ટમ મેનેજરશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઠરાવની નકલ મહેસૂલ વિભાગ તથા રાહત કમિશ્નરની વેબસાઇટ પર મૂકવા સારુ.)

(૧૭) હિસાબી અધિકારીશ્રી, રાહત નિયામકની કચેરી, મહેસૂલ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

(૧૮) માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૧૯) શાખા સિલેકટ ફાઇલ – ૨૦૨૦.